નિયામક સમાજ સુરક્ષા કચેરી
બ્લોક નંબર ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય
ફોન નંબર : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૯
ઈમેલ : **dd3-dsd@gujarat.gov.in**

નં. **DSD/WDF/AUDIT/226/2023/0124/PwDs Branch** તા. /૦૬/૨૦૨૩

પ્રતિ,

**(૧) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી/નાયબ સચિવ શ્રી,**
**શિક્ષણ વિભાગ, બ્લોક નં. ૫, આઠમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.**

**(૨) અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી/નાયબ સચિવ શ્રી,**
**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં. ૭, સાતમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.**

**વિષય:- ગુજરાત સ્ટેટ ફંડ ફોર પર્સન્સ વીથ ડિસેબીલીટીઝની ગવર્નીંગ બોડીની તા- ૧૬/૦૬/૨૦૨૩ના રોજ મળેલ ચતુર્થ બેઠકની કાર્યવાહી નોંધ મોકલી આપવા બાબત.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સ્ટેટ ફંડ ફોર પર્સન્સ વીથ ડિસેબીલીટીઝની ગવર્નીંગ બોડીની ચતુર્થ બેઠક માન. અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા અને અધિ.વિભાગ)ના અધ્યક્ષ સ્થાને તા-૧૬/૦૬/૨૦૨૨ના રોજ રાખવામાં આવેલ હતી, સદર બેઠકની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ છે. જે વિદિત થવા વિનંતી છે.

**બિડાણ:- ઉપર મુજબ**

**નિયામક**
**સમાજ સુરક્ષા**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**નકલ સવિનય રવાના:-**

**પ્રતિ, સંયુક્ત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂ.**

Signature Not Verified
Signed by:VIKRAMSINH JADAV GAS
Director
Date: 2023.06.20 11:39:22 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

**ગુજરાત સ્ટેટ ફંડ ફોર પર્સન્સ વીથ ડિસેબીલીટીઝની ગવર્નીંગ બોડીની ચતૃથ બેઠક તા. ૧૬-૦૬-૨૦૨૩ ના રોજ ૧૨-૦૦ કલાકે, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, બ્લોક નં-૫/૯, સમિતી રૂમ, ગાંધીનગર ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ**

---

ગુજરાત સ્ટેટ ફંડ ફોર પર્સન્સ વીથ ડિસેબીલીટીઝની ગવર્નીંગ બોડીની તૃતીય બેઠક ગાંધીનગર ખાતે માનનીય અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષસ્થાને મળેલ હતી, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | અધિકારીશ્રીનું નામ | હોદ્દો | વિભાગનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી વિક્રમસિંહ જાદવ | સભ્ય સચિવશ્રી- વ - નિયામકશ્રી | સમાજ સુરક્ષા |
| ૨ | શ્રી જી. પી પટેલ | સંયુક્ત સચિવશ્રી | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ |
| ૩ | શ્રી આર.સી દેસાઇ | નાયબ સચિવશ્રી | શિક્ષણ વિભાગ |
| ૪ | ડૉ અજય ચૌહાણ | SPO-Medical Health | આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ (કમિશ્નર હેલ્થ ) |
| ૫ | શ્રી કે. એચ વાણીયા | નાયબ નિયામકશ્રી | સમાજ સુરક્ષા ખાતું |

સૌપ્રથમ સભ્ય સચિવશ્રી – વ - નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા માન. અધ્યક્ષશ્રી વ અધિક મુખ્ય સચિવશ્રી અને ગવર્નીંગ બોડીના સભ્યશ્રીઓને આવકારીને એજન્ડા મુજબ બેઠકમાં નીચે મુજબ ચર્ચા કરી કાર્યવાહી કરવામાં આવી.

૧. તા.૨૯-૦૩-૨૦૨૨ ના રોજ મળેલ ગુજરાત સ્ટેટ ફંડ ફોર પર્સન્સ વીથ ડિસેબીલીટીઝની ગવર્નીંગ બોડીની તૃતિય બેઠકની કાર્યવાહી નોંધને સર્વસમંતીથી બહાલી આપવામાં આવી.

૨. એ.જી કચેરી, રાજકોટ દ્વારા વર્ષ- ૨૦૧૮-૧૯ થી વર્ષ- ૨૦૨૦-૨૧ના હિસાબોના ઓડીટ કરવામાં આવેલ હતું જેની ઓડીટ ફી રૂ. ૪૧,૫૭૦/- (અંકે રૂપિયા એકતાલીસ હજાર પાંચસો સીતેર રૂપિયા પુરા) હતી, જે એ.જી કચેરીને ચુકવેલ છે. જેની કાર્યોત્તર મંજુરી આપવા બાબતની દરખાસ્તને સર્વ સમંતીથી બહાલી આપવામાં આવી.

૩. ગુજરાત રાજ્ય દિવ્યાંગ ફંડના વર્ષ- ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો ભારત સરકારના Comptroller and Auditor Genral દ્વારા નક્કી કરાયેલ યુનિફોર્મ ફોર્મેટ મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવેલ છે. જેની આવક જાવકની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ઉઘડતી સિલક | આવક | જાવક | બંધ સિલક |
|---|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૭,૩૯,૧૫,૦૦૦/- | ૨,૦૦,૦૦,૦૦૦/- | ૦ | ૯,૩૯,૧૫,૦૦૦/- |
| ૨૦૨૨-૨૩ | ૯,૩૯,૧૫,૦૦૦/- | ૦ | ૪૧,૫૭૦/- | ૯,૩૮,૭૩,૪૩૦/- |

ઉપરોક્ત વિગતે Comptroller and Auditor Genral દ્વારા નક્કી કરાયેલ યુનિફોર્મ ફોર્મેટમાં વર્ષ- ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવેલ છે જેને સર્વ સમંતીથી બહાલી આપવામાં આવી.

૪. વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ નાં એ.જી કચેરી, રાજકોટ દ્વારા મંજુર કરાયેલ Separate Audit report અને Certified Accounts અહેવાલો વિધાનસભાના આગામી સત્રમાં ગૃહના મેજ પર મુકવા ગુજરાતી- ૨૭૦ નકલો અને અંગ્રેજી- ૭૦ નકલોનું છાપકામ સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર ખાતેથી કરાવવાના થનાર નિયામોનુસાર ખર્ચની સર્વ સમંતીથી બહાલી આપવામાં આવી.

૫. દિવ્યાંગ રાજય ફંડ (GSFPD)ના Comptroller and Auditor Genral દ્વારા નક્કી કરાયેલ યુનિફોર્મ ફોર્મેટ મુજબ તૈયાર કરવા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ફા.ક્ર: અપગ/૧૧૨૦૨૦/૪૦૩૯૧૭/ છ-૧ તારીખ: ૦૧/૦૪/૨૦૨૧થી G N P & Co.(chartered Accountants ) Satelite, ahmedabadને વર્ક ઓર્ડર આપવા માટે મંજુરી આપવામાં આવેલ હતી, જે અન્વયે નિયામક સમાજ સુરક્ષાની કચેરીના આદેશ નં નં.સસુખા/અપગ/દિવ્યાંગ ફંડ/CA/ ૨૦૨૧-૨૨/૩૬૦૮ તા. ૦૭/૦૪/૨૦૨૧થી રૂ. ૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા)નો વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. વર્ષ- ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ ના વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવેલ છે જેના રૂ. ૪૦,૦૦૦/-(અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા)ના ખર્ચની સર્વ સમંતીથી બહાલી આપવામાં આવી.

બેઠકના અંતમાં કોઇ મુદ્દા બાકી રહેતા ન હોય માનનીય અધ્યક્ષશ્રી વ અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની પરવાનગીથી તમામ સભ્યશ્રીઓનો આભાર માની બેઠક પુર્ણ જાહેર કરવામાં આવી.

સભ્ય સચિવ
વ
નિયામક
સમાજ સુરક્ષા
ગુજરાત રાજય, ગાંધીનગર

અધ્યક્ષ
વ
અધિક મુખ્ય સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત રાજય, ગાંધીનગર